ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર-૧૦-એ, ગાંધીનગર
ફેક્ષ-(૦૭૯)૨૩૨૫૧૦૮૬, મોબાઇલનં. ૯૯૭૮૪૦૬૫૨૭
ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૦૪૯ – ૨૩૨૨૨૪૧૭
Email ID: msgwssb@gmail.com website: www.gwssb.gujarat.gov.in

પરિપત્ર ક્રમાંકઃ એમએસ/પીએ/ ૫૬ /૨૦૧૭, તા. ૧૫.૦૭.૨૦૧૭

પરિપત્રઃ

વિષયઃ બોર્ડના નિયંત્રણ હેઠળની કચેરીઓમાંથી આવતી ફંડની માંગણી બાબત ...

અનુભવે જણાયું છે કે, બોર્ડના કાર્યક્ષેત્ર હેઠળની જુદી જુદી ઝોન કચેરીઓમાંથી આવતી ફંડની માંગણી અન્વયેની ફાઇલ નીચે સહી કરનારને રજુ કરવામાં આશરે દસેક દિવસ જેટલો સમય બોર્ડ કચેરીએ વ્યતિત થઇ જાય છે જેના કારણે વિવિધ અધિકારીશ્રીઓ તથા ઇજારદારશ્રીઓ તરફથી ફંડ બાબતે રજુઆતો કરવામાં આવે છે.

આ પરિસ્થિતિના નિરાકરણ માટે ફંડ ફાળવણી બાબતેની ફાઇલો જે તારીખે બોર્ડ કચેરીમાં આવે તે તારીખથી દિન-૨માં બજેટ જોગવાઇ, એકશન પ્લાનની જોગવાઇઓ સંદર્ભે ચકાસણી કરી ફાળવવાપાત્ર રકમ અંગે નીચે સહી કરનારને રજુ કરવા આથી સંબંધિત અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

ફંડ ફાળવણી ફાઇલોની ચકાસણીમાં લાંબી નોંધના બદલે નોંધ વિભાગમાં સુવાચ્ય, સમજી શકાય તેવા પત્રકો રજુ કરવાથી સમય બચી જશે. નીચેની વિગતો પણ ધ્યાને લેવા વિનંતી.

૧) હાલ નાણાંકીય વર્ષનું બીજુ કવાર્ટર (જુલાઇથી સપ્ટેમ્બર) ચાલુ હોય સામાન્યતઃ વર્ષ ૨૦૧૭-૧૮ના એકશન પ્લાનની જોગવાઇના ૫૦% મુજબ ફાળવણી કરવાની રહે.

શ્રી ......... ખાસ અગત્યનું

૨) જે કિસ્સામાં જોગવાઇ સામે ખર્ચ ઘણો વધુ હોય કે ગત વર્ષથી સ્પીલ ઓવર થયેલ નાણાંકીય જવાબદારીઓ સામે એકશન પ્લાનમાં જોગવાઇ ઓછી થયેલ તેવા કિસ્સાઓ નાણાં નિયંત્રક તેમજ મુખ્ય ઇજનેર (પ્લાનીંગ-મોનીટરીંગ) ધ્વારા ચકાસવાના રહે.

ના.કો. 17.07.17

૩) હેન્ડપમ્પ, બોર જેવા કામો એપ્રિલથી જૂન દરમ્યાન થયેલ હોય તેમના ચૂકવણા ધ્યાને લેવા.

૪) કામોની પ્રગતિ સુયોગ્ય હોય તેવા કિસ્સામાં એકશન પ્લાનમાં જોગવાઇ સુધારવાની શરતે ફંડ રીલીઝ કરવામાં વ્યવહારૂતા રાખવી.

PTO

૫) પાણીવેરા/ લાઇટ બીલો, સરકારી જમીન, રોડ/રેલ્વે ક્રોસીંગ, રેવન્યુ, ફોરેસ્ટ વિભાગ જેવા સરકારશ્રીના વિભાગોને ચૂકવણીમાં અગ્રિમતા આપવી.

૬) જુથ યોજનાઓની મરામત અને નિભાવણીના કિસ્સામાં કુલ ગામો પૈકી પાણી પહોંચતું નથી તેવા ગામોની યાદી, સંખ્યા, પાણીની ચોરી અટકાવવા એજન્સી ધ્વારા ભરાયેલ પગલાઓની વિગતો મેળવવી, પાણી વિતરણ અંગેની ફરિયાદો અંગે બોર્ડની વડી કચેરી ખાતે આવેલ કન્ટ્રોલરૂમમાં મળેલ ફરિયાદો, અખબારી અહેવાલોની ઇલેકટ્રોનિક મીડીયામાં પ્રસિધ્ધ થયેલ અહેવાલોની જે તે કચેરી ધ્વારા કરાયેલ પૂર્તતા, એકશન ટેકન રીપોર્ટની વિગતો મેળવવાની પ્રથા રાખવી.

૭) જે જુથ યોજનામાં ફીલ્ટર પ્લાન્ટ બંધ હોય તેવી યોજનાના મરામત અને નિભાવણી કે પેટા વિભાગ/ વિભાગના અન્ય કામોને ઓછી પ્રાધાન્યતા આપવી.

૮) ફંડ ફાળવણી વખતે જે તે ઝોન, વર્તુળ, વિભાગ, પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળના ગામ, નગરપાલિકા, મહાનગરપાલિકા, ઔદ્યોગિક સંસ્થાઓ, ધાર્મિક/ શૈક્ષણિક સંસ્થાઓની કોમ્પ્યુટરાઇઝડ યાદી રાખવી તેમજ આગળના માસ દરમ્યાન પેટા વિભાગ/ વિભાગને મળેલ આવકની નોંધમાં/ પત્રકમાં રીફલેકટ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જેથી જે તે પેટા વિભાગ/ વિભાગને પાણીના દરોથી થયેલ આવક મુજબ ફંડ ફાળવણી કરતી વખતે ધ્યાને લઇ શકાય.

૯) નાણાં નિયંત્રક શાખાના સંબંધિત કર્મચારીએ ફંડ ફાળવણીની ફાઇલોનું રૂબરૂમાં ફોલોઅપ કરવું.

(તુષાર ધોળકિયા)
સભ્ય સચિવ

<u>નકલ રવાના પ્રતિ:</u>

- નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (ટેકનીકલ સેલ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અર્બન સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (પ્લાનીંગ-મોની) બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (મટીરીયલ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (યાંત્રિક) બોર્ડ કચેરી, ગાંધીનગર
- અધિક્ષક ઇજનેરશ્રી (ટેકનીકલ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- અધિક્ષક ઇજનેરશ્રી (પ્લાનીંગ-મોની) બોર્ડ કચેરી, ગાંધીનગર
- નાયબ નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર
- સીનીયર મેનેજરશ્રી, (નાણાં/ હિસાબ) બોર્ડ કચેરી, ગાંધીનગર
- નાયબ મેનેજરશ્રી (નાણાં/ હિસાબ) બોર્ડ કચેરી, ગાંધીનગર